# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-02-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

1. "પરીક્ષા પે ચર્ચા" ની 9મી આવૃત્તિમાં જીવનના સંપૂર્ણ વિકાસને લક્ષ્ય બનાવવા વિદ્યાર્થીઓને પ્રધાનમંત્રીની હાકલ
2. ગુજરાત અને શ્રીલંકા વચ્ચે આજે ઔદ્યોગિક સહયોગને મજબૂત બનાવવા પર ચર્ચા થઈ
3. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરેન્દ્રનગરમાં 539 કરોડ રૂપિયાના 33 વિકાસકાર્યોની ભેટ આપી
4. ગાંધીનગર મહાનગરપાલિકાનું વર્ષ 2026-27નું એક હજાર 903 રૂપિયા કરોડનું મુસદ્દા અંદાજપત્ર આજે રજૂ કરાયું.
5. અંડર-19 ક્રિકેટ વિશ્વ કપની ફાઇનલમાં ભારતે ઇંગ્લેન્ડને જીતવા 412 રનનો લક્ષ્યાંક આપ્યો

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM PPC

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, વિદ્યાર્થીનું લક્ષ્ય જીવનનો સંપૂર્ણ વિકાસ કરવાનું હોવું જોઈએ."પરીક્ષા પે ચર્ચા" ની ૯મી આવૃત્તિ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરતાં પ્રધાનમંત્રીએ પરીક્ષા દરમિયાન તણાવ અને ચિંતાનો સામનો કરવાની રીતો અંગે માહિતી આપી. ગુજરાતની વિદ્યાર્થિની સાનવી આચાર્યએ પ્રધાનમંત્રી સવાલ કર્યો હતો કે શિક્ષક અને માતાપિતાની શીખવવાની પદ્ધતિ જુદી જુદી હોય ત્યારે મુંઝવણ ઊભી થાય છે. જેના જવાબમાં પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને તેમની પોતાની અનોખી શિક્ષણ પદ્ધતિઓ પર વિશ્વાસ રાખવાની સલાહ આપી.

(BYTE : PM-MODI-PPC-PAPER-PATTERN PM-MODI-PPC-PAPER-PATTERN)

પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ દરમિયાન દમણની વિદ્યાર્થિની ઈશા પટેલે પ્રધાનમંત્રી સાથે મુલાકાત બાદ પ્રતિક્રિયા આપી.

(BYTE – ISHA PATEL,STUDENT)

----------

# CM PPC

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પરીક્ષાને મહેનતનું પ્રતિબિંબ અને તણાવને સફળતામાં બદલવાનું મંચ ગણાવી. ગાંધીનગરના સુઘડની આનંદ નિકેતન શાળામાં “પરીક્ષા પે ચર્ચા”ની નવમી આવૃત્તિ દરમિયાન તેમણે

કોઈ પણ પરિસ્થિતિમાં સ્વસ્થ મનથી આગળ વધવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો. કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી અને વિદ્યાર્થીઓએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમનું જીવંત પ્રસારણ પણ નિહાળ્યું.

----------

## SANGHVI SRI LANKA

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના નેતૃત્વમાં, આજે શ્રીલંકાના ઉદ્યોગ અને ઉદ્યોગસાહસિકતા વિકાસ મંત્રી, સુનિલ હંડુનેટ્ટી સાથે કોલંબોમાં મહત્વની બેઠક યોજાઈ. જેમાં ગુજરાત અને શ્રીલંકા વચ્ચે ઔદ્યોગિક સહયોગને મજબૂત બનાવવા પર ચર્ચા થઈ.

આ અંગે સોશિયલ મીડિયા સંદેશમાં માહિતી આપતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું, આ બેઠકમાં રોકાણ, ટેકનોલોજી વિનિમય, સ્ટાર્ટઅપ્સ, ઉદ્યોગસાહસિકતા વિકાસ અને ઔદ્યોગિક વિકાસ માટે નવા માર્ગો પર ભાર મુકાયો. આ સહયોગ બંને દેશોમાં યુવાનો, ઉદ્યોગસાહસિકો અને ઉદ્યોગો માટે અર્થપૂર્ણ તકો ઊભી કરશે તેવો વિશ્વાસ પણ શ્રી સંઘવીએ વ્યક્ત કર્યો.

----------

## CM SURENDRANAGAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સુરેન્દ્રનગરમાં 539 કરોડ રૂપિયાના 33 વિકાસકાર્યોની ભેટ આપી. કાર્યક્રમ અંતર્ગત શિક્ષણ અને શહેરી

સુવિધાના કુલ 82 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું, વર્ષ 2005માં શહેરી વિકાસનું બજેટ 585 કરોડ રૂપિયા હતું જે આજે વધીને 30 હજાર કરોડ રૂપિયા થયું છે.

(BYTE- BHUPENDRA PATEL, CM)

આજે મૂળી તાલુકામાં માધ્યમિક શાળાનું બાંધકામ, વઢવાણમાં 42 કરોડના ખર્ચે 'નલ સે જલ' યોજના તેમજ સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં વિવિધ માર્ગનું ઉદ્ઘાટન કરાયું. શ્રી પટેલે 457 કરોડના વિવિધ 25 કામોનું ભૂમિપૂજન પણ કર્યું, જેમાં 83 કરોડના ખર્ચે વઢવાણ-ખોલડીયાદ-ફુલગ્રામ માર્ગ તેમજ 140 કરોડના ખર્ચે 324 આવાસ, તેમજ 55 કરોડના ખર્ચે રિવરફ્રન્ટના વિસ્તરણ માટેના કામનું ખતમુહૂર્ત કર્યું.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..................................

## GANDHINAGAR - DRAFT BUDGET

ગાંધીનગર મહાનગરપાલિકાનું વર્ષ 2026-27નું એક હજાર 903 રૂપિયા કરોડનું મુસદ્દા અંદાજપત્ર આજે રજૂ કરાયું. મ્યુનિસિપલ કમિશનર જે એન વાઘેલાએ રજૂ કરેલા આ અંદાજપત્રમાં ગત વર્ષ કરતા આ વર્ષે 11 ટકાનો વધારો કરાયો છે. તે અંતર્ગત સામાજિક આંતરમાળખાકીય સુવિધાઓ માટે 219 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. વધુ માહિતી આપતા શ્રી વાઘેલાએ જણાવ્યું, શહેરમાં પીએમ ઇ-બસ સેવા શરૂ કરાશે.

(BYTE: J N VAGHELA, Municipal Commissioner)

----------

## INDIA - EU - MOU

ભારત અને યુરોપિયન સંઘ વચ્ચે થયેલો મુક્ત વેપાર કરાર એફટીએ ભારતની નિકાસ, રોકાણ અને ઔદ્યોગિક વૃદ્ધિને નવી ગતિ આપશે.

યુરોપિયન સંઘ- ભારત માટે કાપડ અને વસ્ત્રોનું બીજું સૌથી મોટું નિકાસ સ્થળ હોવાથી સુરત સહિત દક્ષિણ ગુજરાતને વિશેષ ફાયદો થશે. મેન-મેડ ફાઇબર, રેડીમેડ ગાર્મેન્ટ્સ અને હોમ ટેક્સટાઇલ્સમાં નિકાસ તકો વધવાની સંભાવના છે.

રત્ન અને ઝવેરાત ક્ષેત્રે પણ EU બજારમાં સ્પર્ધાત્મક લાભ મળવાની અપેક્ષા વ્યક્ત કરાઈ છે. દરિયાઈ ઉત્પાદનો પરના ટેરિફ

ઘટાડાથી ગુજરાતમાંથી સીફૂડ નિકાસમાં વધારો થશે. રસાયણ ક્ષેત્રે પણ શૂન્ય ડ્યુટીથી દક્ષિણ  ગુજરાતની ઉદ્યોગિક શક્તિ વધુ મજબૂત બનશે.

----------

## Sherdi paak- Navsari

શેરડીના પાકને નુકસાન પહોંચાડતા વેધકોના નિયંત્રણ માટે નવસારી કૃષિ યુનિવર્સિટીએ માર્ગદર્શિકા જાહેર કરી છે. શેરડીના પાકમાં ડૂંખ, ટોચ, મૂળ અને આંતરગાંઠ વેધકોના કારણે શેરડીના ઉત્પાદનમાં ભારે ઘટાડો થતો હોવાનું યુનિવર્સિટીએ જણાવ્યું છે. આ જીવાતોના નિયંત્રણ માટે સંકલિત જીવાત વ્યવસ્થાપન અપનાવવાની ખેડૂતોને ભલામણ કરવામાં આવી છે. ખેતરમાં વધારાના પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા રાખવા અને એકથી વધુ પાક ન લેવા સલાહ અપાઈ છે.

નવસારી કૃષિ યુનિવર્સિટીએ જણાવ્યું છે કે આ માર્ગદર્શિકા અપનાવવાથી ખેડૂતો ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી શકશે.

----------

## JAMNAGAR DEMOLITION

જામનગરમાં રાજકોટ-દિગ્જામ રેલવે ઓવરબ્રીજ નજીક દબાણ હટાવવાની ઝુંબેશ આજે હાથ ધરાઇ. સવારથી રેલવે તંત્ર દ્વારા 6 જેટલા દબાણ હટાવવાના મશીન સાથે કાર્યવાહી કરવામાં આવી. જેમાં 300 વધુ પોલીસ જવાનો તૈનાત કરાયા. 150 જેટલા ગેરકાયદે દબાણો હટાવવાની કામગીરી શરૂ કરાઇ છે જે ત્રણ દિવસ સુધી ચાલશે.

----------

## Gir Somnath - SIR

ગુજરાત રાજ્યના રોલ ઓબ્ઝર્વર કે.કે. મિશ્રાની અધ્યક્ષતામાં ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાની મતદાર યાદી સુધારણા ઝૂંબેશ પ્રક્રિયાની સમીક્ષા બેઠક યોજાઈ. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર અને નાયબ ચૂંટણી અધિકારીઓની હાજરીમાં બંને જિલ્લાઓમાં ઝૂંબેશની વર્તમાન સ્થિતિ રજૂ કરવામાં આવી.

બેઠકમાં સોમનાથ, તાલાલા, કોડીનાર, ઉના, માણાવદર, જૂનાગઢ, વિસાવદર, કેશોદ અને માંગરોળના વિધાનસભા મતવિસ્તારોની વિસ્તૃત વિગતો પર ચર્ચા થઇ. રોલ ઓબ્ઝર્વરે સુચના આપી કે પાત્રતા ધરાવતા મતદાર છૂટક ન રહે અને અયોગ્ય મતદાર સામેલ ન થાય, સાથે જ દૈનિક મોનિટરિંગ અને ત્વરિત નિરાકરણ માટે માર્ગદર્શન આપ્યું.

----------

## U19-CRICKET FINAL TARGET

ઝિમ્બાબ્વેના હરારેમાં રમાઈ રહેલા ICC અંડર-19 ક્રિકેટ વિશ્વ કપની ફાઇનલમાં ભારતે ઇંગ્લેન્ડને જીતવા 412 રનનો લક્ષ્યાંક આપ્યો છે. પ્રથમ બેટિંગ કરતા ભારતે નિર્ધારિત 50 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 411 રન બનાવ્યા હતા.ભારતના વૈભવ સૂર્યવંશીએ શાનદાર બેટિંગ કરતાં અંડર-19 વિશ્વ કપના ઇતિહાસમાં બીજી સૌથી ઝડપી સદી નોંધાવી. 14 વર્ષના આ ખેલાડીએ માત્ર 55 બોલમાં આ સિદ્ધિ હાંસલ કરી. સૂર્યવંશીએ 80 બોલમાં

175 રન બનાવ્યા અને 71 બોલમાં આ સિદ્ધિ હાંસલ કરીને અંડર-19 ક્રિકેટમાં 150 રન બનાવનાર સૌથી ઝડપી બેટ્સમેન બન્યો.

છેલ્લા અહેવાલ પ્રમાણે 412 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં ઇંગ્લેન્ડે 24 ઓવરમાં 7 વિકેટે 192  રન બનાવ્યા છે.

----------

## RPF RAJKOT

રેલવે સુરક્ષા દળ-RPF રાજકોટ ડિવિઝને જાન્યુઆરી 2026 દરમિયાન ઓપરેશન અમાનત હેઠળ સ્ટેશન અને ટ્રેનોમાં છૂટી ગયેલા 26 મુસાફરોનો અંદાજે બે લાખ 71 હજારની કિંમતનો સામાન તેમના મૂળમાલિકોને પરત કર્યા છે. ઓપરેશન નન્હે ફરિશ્તે અંતર્ગત ગુમ થયેલા 3 બાળકોને શોધી તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા. રેલ સંચાલનમાં અવરોધ ઉભી કરતી ગેરકાયદેસર ચેઈન પુલિંગની ઘટનાઓ પર કાર્યવાહી કરતા 29 આરોપીઓની ધરપકડ કરી.

----------

## Navsari -  Handball Competition

નવસારીના બીલીમોરામાં યોજાયેલી રાજ્યકક્ષાની 17 વર્ષથી ઓછી ઉંમરના ભાઈઓની હેન્ડબોલ સ્પર્ધામાં મહેસાણાની ટીમ વિજેતા બની છે, જ્યારે અમરેલીની ટીમ બીજા અને ગાંધીનગર ગ્રામ્યની ટીમ ત્રીજા ક્રમે રહી છે.

ફાઇનલ મેચમાં મહેસાણાની ટીમે 37 ગોલ કર્યા હતા, જ્યારે અમરેલીની ટીમે 27 ગોલ કર્યા હતા.

આ ઉપરાંત આજે સેમીફાઇનલમાં ત્રીજા સ્થાન માટે યોજાયેલા મુકાબલામાં ગાંધીનગર ગ્રામ્યની ટીમે બોટાદને 25–20થી હરાવી ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

----------

## SURAT EXPO

સુરતના સરસાણા ખાતે ત્રણ દિવસીય વિદ્યુત ઉર્જા ઇલેક્ટ્રિક પ્રદર્શન 2026નો બિહારના રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાને શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું, 'મધર ઓફ ઓલ ટ્રેડ' તરીકે ભારત માટે યુરોપિયન દેશો સહિત સમગ્ર વિશ્વમાં નવા ઔદ્યોગિક અવસરો સર્જાઈ રહ્યા છે. જેનાથી આગામી સમયમાં આશરે 70થી 80 લાખ લોકોને રોજગાર મળવાની સંભાવના છે.

----------

## PATAN KHEL MAHAKUMBH

પાટણની બહેરા મૂંગા શાળાના ખેલાડીઓએ રાજ્યકક્ષાના વિશેષ ખેલ મહાકુંભમાં 15 ચંદ્રક જીત્યા છે. જેમાં 5 સુવર્ણ, 4 રજત અને 6 કાંસ્ય ચંદ્રક સામેલ છે. અમદાવાદ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં કાજલ પ્રજાપતિએ બે સુવર્ણ અને એક કાંસ્ય, કૃષ્ણજી ઠાકોરે બે રજત, નીતા

રબારીએ એક રજત અને બે કાંસ્ય, પૂજા ઠાકોરે બે કાંસ્ય, રોહિત ઠાકોરે એક રજત, કરીશ્મા દેવીપૂજકે બે સુવર્ણ, કોમલ ડોસાણીએ એક કાંસ્ય અને ક્રીશ પ્રજાપતિએ એક સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો.

----------